# ખંભાત નગરપાલિકા – ખંભાત

## ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની

## કલમ ૪૫ (ડી) તળેનો આદેશ

**આદેશાત્મક હુકમ નંબર : ૧૫ / તા.૨૬–૦૯–૨૦૨૩**

ખંભાત શહેરમાં હાલ ગણેશ ઉત્સવ ચાલી રહેલ છે અને ખંભાતમાં આશરે ૩૦૦ થી ૪૦૦ નાના મોટા ગણપતીજીની સ્થાપના થયેલ છે જે ગણપતિજીને તારીખ. ૨૮–૦૯–૨૦૨૩ના રોજ દર વર્ષની માફક એક રૂટ પર ફેરવી દરીયા કીનારે લઈ જવામાં આવે છે અને જયારે દરીયામાં ભરતી આવે ત્યારે દરીયાના પાણીમાં તેમજ કૃત્રિમ તળાવમાં પધરાવવામાં આવે છે.

સદર ગણેશ વિસર્જન ઉત્સવ જેમાં આખા શહેરના નાગરીકો આવતા હોય જરૂરી આવશ્યક કામગીરીઓ કરવાની થતી હોય તે અંગે દર વર્ષની માફક આવવા જવાના રસ્તાઓની સફાઈ, ઝાંડી–ઝાંખરા કાપવા પડે તેમ હોઈ તે માટે જે.સી.બી. મશીન, ડોઝર વિગેરેની જરૂર પડે તેમ હોઈ તે ભાડેથી મંગાવવા, બેરીકેટીંગ કરવા વાંસ વિગેરે લાવવા, દરીયા કીનારે જે કર્મચારીઓ કામ કરતાં હોય તે તેમજ બહાર થી આવેલ તરવૈયાઓને નાસ્તો, લાઈટ, લાઉડ સ્પિકર, મંડપ વિગેરે તથા આ કાર્યક્રમ અંગે જે કાંઈ વસ્તુઓ લાવવી પડે તે અંગે જરૂરી ખર્ચ કરીતેમજ તે ખર્ચ ચુકવવા માટે ચીફ ઓફીસરશ્રીને સત્તા આપવામાં આવે છે.

સહી.દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
પ્રમુખ
ખંભાત નગરપાલિકા